સરકારી કન્યા છાત્રાલય (વિ.જા.), અમરેલી માટે વધારાનો પ્રથમ અને બીજો માળ ભાડે રાખવા મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૫/૮૩૨૫૩૨/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૧/૧૨/૨૦૧૮

વંચાણે લીધા :-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧/૦૧/૨૦૧૬નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૦/૦૧/૨૦૧૮નો પત્ર ક્રમાંક:વિજાક/સ.છા./મ.ભા./૨૦૧૮/૫૦

ઠ રા વ :-

વંચાણે લીધા ક્રમાંક: (૧) સામેના વિભાગના તા.૧૧/૦૧/૨૦૧૬ના ઠરાવથી સરકારી કન્યા છાત્રાલય(વિ.જા.), અમરેલી માટે મકાનમાલિક શ્રી રેખાબેન વિઠ્ઠલભાઇ બોઘરાનું ત્રીજા/ચોથા માળે આવેલ મકાન અમૃતધારા સોસાયટી, બ્લોક નં-૧, પટેલ સંકુલ સામે, ચક્કરગઢ રોડ, અમરેલી માસિક ભાડું રૂ.૨૪,૦૦૦/- અથવા માર્ગ અને મકાન વિભાગ દ્વારા જે ભાડુ નક્કી કરે તે બે માંથી જે ઓછુ હોય તે નિયત સમય માટે ભાડે રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા ક્રમાંક: (૨) સામેના નિયામકશ્રી(વિ.જા.ક.)ના તા.૧૦/૦૧/૨૦૧૮ના પત્રથી આ છાત્રાલયનો ત્રીજો અને ચોથો માળ છાત્રાઓની સંખ્યાને પર્યાપ્ત ન હોઇ ઓગષ્ટ, ૨૦૧૭થી સદર મકાનનો વધારાનો પ્રથમ અને બીજો માળ વપરાશમાં લીધેલ હોઇ ભાડે રાખવા માટે દરખાસ્ત કરવામાં આવેલ હતી જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકારી કન્યા છાત્રાલય (વિ.જા.), અમરેલીના મકાનના વધારાના પ્રથમ અને બીજો માળ માસિક રૂ.૨૮,૯૫૦/-ના ભાડાથી ભાડે રાખવાની અને સદર મકાનના ત્રીજા અને ચોથા માળનું મંજૂર થયેલ મકાનનું ભાડું રૂ.૨૪,૦૦૦/- અને પ્રથમ અને બીજા માળનું ભાડું રૂ.૨૮,૯૫૦/- મળી સદર મકાનનું કુલ માસિક ભાડું રૂ.૫૨,૯૫૦/- થતાં નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં જુલાઇ,૨૦૧૭ સુધી માસિક ભાડું રૂ.૨૪,૦૦૦/- અને ઓગષ્ટ-૨૦૧૭ થી સદરહુ વધારાના માળ વપરાશમાં લીધેલ હોઇ ઓગષ્ટ,૨૦૧૭ થી સદરહુ મકાનનું માસિક ભાડું રૂ.૫૨,૯૫૦/- (અંકે રૂપિયા

બાવન હજાર નવસો પચાસ પૂરા) ચાલુ નાણાકીય વર્ષના અંત સુધી એટલે કે માર્ચ, ૨૦૧૯ સુધી ચૂકવવાની આથી નીચેની શરતોને આધિન મંજૂરી આપવામાં આવે છે.

શ ર તો :-

(૧) આ મકાનના વધારાના માળ ભાડે રાખ્યા બાદ મકાનના વધારાના માળ ભાડે રાખ્યા અંગેનો કરાર કરી સરકારશ્રીમાં રજૂ કરવાનો રહેશે.

(૨) આ મકાનમાં છાત્રાલયને અનુરૂપ જરૂરી સુધારાવધારા મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે.

(૩) મકાનમાં છાત્રો માટે જરૂરી સંખ્યામાં સંડાસ, બાથરૂમની સગવડ મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે.

(૪) મકાન માલિકે વીજળી પાણી, ટ્યુબલાઇટ, પંખાની પુરતી સગવડ પુરી પાડવાની રહેશે.

(૫) મકાન ભાડે રાખવાની અન્ય સરકારી હુકમો/શરતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ અંગેનો ખર્ચ ચાલુ વર્ષે મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

(૭) કાર્યપાલક ઇજનેરશ્રીનું મકાન ભાડા અંગેનું પ્રમાણપત્ર દર વર્ષે નવેસરથી મેળવીને રજૂ કરવાનું રહેશે.

(૮) આ પ્રકારની દરખાસ્ત પરત્વે સમયસર મંજૂરી મેળવી લેવાની કાળજી રાખવાની રહેશે.

આ હુકમ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૭/૧૨/૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ.એમ.ઘાંચી)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી,
  વિકસતી જાતિ ખાતું, બ્લોક નં.૪/૩જો માળ,
  ડૉ. જીવરાજ મહેતા ભવન,
  ગાંધીનગર

નકલ રવાના:-

- સચિવશ્રી(આ.બા.)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમરેલી
- નાયબ નિયામકશ્રી(વિ.જા.)/સમાજ કલ્યાણ અધિકારીશ્રી, અમરેલી (નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત)
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.
- નાયબ સેક્શન અધિકારશ્રીની સિલેક્ટ ફાઇલ
- પસંદગીની ફાઇલ